# ઘ-૩ સર્કલ પાસેના દબાણો પર દબાણતંત્રનો સપાટો

## દબાણતંત્રએ ૧૫ લારી-ગલ્લા સ્થળ પરથી જપ્ત કર્યા






ગાંધીનગર, તા. ૧૬

શહેરના ઘ-૩ સર્કલ ફરતા અડિંગો જમાવી બેઠેલા લારી ગલ્લાના દબાણો પર આજે તંત્રના દબાણ વિભાગે સપાટો બોલાવ્યો હતો. દબાણતંત્રે દબાણ ઝુંબેશના ભાગરૂપે સર્કલ આસપાસના ૧૫ જેટલા દબાણો દૂર કરી લારી ગલ્લાને જપ્ત કર્યા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્થાનિક દબાણતંત્ર સક્રીય બન્યુ છે અને લાંબા સમયથી દબાણ કરીને લારી ગલ્લાના દબાણકારો સામે આંખ લાલ કરી છે. આજે સ્થાનિક દબાણતંત્રએ ઘ-૩ સર્કલ આસપાસના દબાણો પર તડાકો બોલાવ્યો હતો. દબાણ ટીમને જોતા જ લારીગલ્લાના દબાણકારો લારી ગલ્લા લઈ ભાગવા લાગ્યા હતા. દબાણ ટીમે દબાણની કાર્યવાહી તેજ કરી ૧૫ જેટલા લારી ગલ્લાના દબાણો દૂર કરી તમામ લારી ગલ્લાને જપ્ત કર્યા હતા. જોકે દબાણના સમાચાર આસપાસના વિસ્તારમાં ફેલાતા આસપાસ દબાણકારો પણ દબાણો જાતે જ દૂર કરવા લાગ્યા હતા.

આ ઉપરાંત ગાંધીનગર દબાણતંત્રએ ઘ-૫ થી ઘ-૪ સુધીના કપડા બજાર પર સપાટો બોલાવી તમામ દબાણો પણ દૂર કરાવ્યા હતા.

# સિવિલમાં દર્દીઓ માટે માત્ર બે જ સ્પેશીયલ રૂમ : દર્દીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧૬

પાટનગરની મેડીકલ કોલેજ સંલગ્ન સિવિલમાં સુવિધાની સાથે દુવિધાઓ પણ ખુબ વધી જવા પામી છે. ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને મંત્રી અને એમએલએ માટે બે રુમ રીઝર્વ રાખવામાં આવે છે. બે રુમમાં પંખા અને બીજી ખામીને પગલે હાલના સમયે મરામતનું કામ ચાલી રહ્યું છે. તો બીજી તરફ બે રૂમ તો વર્ષોથી બંધ હાલતમાં છે. જેથી દર્દીઓ માટે તંત્ર પાસે હાલના સમયે માત્ર બે જ રૂમ છે. તેમા




કીડનીને લગતા ડાયાલીસીસ પણ સિવિલમાં થતા દર્દીઓને રાહત મળી છે. ત્યારે સિવિલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. સિવિલમાં દર્દીઓના સ્પેશીયલ રૂમ માટે છેલ્લા કેટલાક સમયથી વેઈટીંગ લીસ્ટ ચાલી રહ્યું છે.જેથી દર્દીઓ હેરાન-પરેશાન થઈ ગયા છે.

ગાંધીનગર સિવિલમાં નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર પર ૧૪ જેટલા સ્પેશીયલ રૂમ આવેલા છે. સિવિલ તંત્ર દ્વારા સ્પેશીયલ રુમનું નિયત કરેલું ભાડુ વસુલવામાં આવે છે. તેમ છતા તંત્રની બલિહારી છે કે તેમની પાસે સ્પેશીયલ રુમ ગણ્યાંગાંઠ્યા જ છે. જેને પગલે રુમ માટે દર્દીઓનું લાંબુ લચક લીસ્ટ ચાલી રહ્યું છે.

સ્પેશીયલ રુમમાં ૫ રુમ ની રિપલેસમેન્ટ અને કોકલીયર ઈમ્પ્લાન્ટ માટે બુક છે તો બીજી તરફ પણ પાટનગર હોવાથી કોઈ લાગવગીયા આવી જાય તો વેઈટીંગમાં નામ ન હોવા છતા દર્દીને રુમ તાત્કાલીક અસરથી ફાળવી દેવામાં આવે છે. ત્યારે અન્ય દર્દીઓ સ્પેશીયલ રુમ માટે વલખા મારી રહ્યા છે.

ત્યારે માત્ર સામાન્ય મરામતને પગલે પણ કેટલાક રુમ બંધ હાલતમાં છે તેનું કામ પણ સત્વરે જો પુરુ થઈ જાય તો દર્દીઓને સ્પેશીયલ રુમની સુવિધા મળી રહે અને તંત્રને પણ આવકમાં વધારો થાય તેમ છે. પરંતુ સિવિલ તંત્રના કેટલાક વિભાગોના ઢીલી નિતીના કામને પગલે દર્દીઓને પરેશાન વેઠવાનો વારો આવે છે. દર્દીના સગા સવારથી સાંજ સુધીમાં અનેકવાર રુમ કયારે મળશે તેની પુછપરછ પણ કરી જાય છે. ત્યારે સિવિલમાં સ્પેશીલય રુમ વધુ ઉપલબ્ધ થાય તેવી લાગણી અને માંગણી દર્દીઓની છે.

# શહેરના પેટ્રોલપંપો પર 'ફ્રી એર' સુવિધાની વાતો માત્ર હવામાં

## સરકારી પંપ સહિત મોટાભાગના પંપો પર હવા ભરવાના મશીન નથી અથવા છે તો બંધ હાલતમાં છે : જ્યાં સુવિધા ચાલુ છે ત્યાં સાંજે વહેલી બંધ કરી દેવાય છે : પેટ્રોલપંપની બાજુમાં જ ખાનગી સેવાને ફાયદો પહોંચાડવાનો કારસો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પેટ્રોલપંપોના સંચાલકો જાણે માત્ર નફો રળવાનો હેતુ લઈને જ બેઠાં હોય અને ગ્રાહકોના હિતની તેમને કોઈ જ ચિંતા ના હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. શહેરના મોટાભાગના પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડિઝલ કે સીએનજી ગેસના વેચાણ સાથે ગ્રાહકોને વિના મૂલ્યે પુરી પાડવાની સેવાઓ પ્રત્યે ધરાર બેદરકારી દાખવવામાં આવી રહી છે. શહેરના મોટાભાગના પેટ્રોલપંપ હવા પુરી આપવાની સેવા યેનકેન બહાને પુરી પાડતા નથી જેમાં સરકારી પેટ્રોલપંપનો પણ સમાવેશ થાય છે, જ્યારે પીવાનું ઠંડુ પાણી અને સ્વચ્છ ટોયલેટની સુવિધા બાબતે પણ ભયંકર બેદરકારી જોવા મળી રહી છે.

શહેરના આંતરિક વિસ્તારથી માંડીને ગુડા વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપો પર પ્રાથમિક સુવિધાનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. કેન્દ્ર સરકારના નિયમ મુજબ પેટ્રોલપંપ પર વાહનમાં હવા ભરવાની સુવિધા, પીવાના ઠંડા અને સ્વચ્છ પાણીની સગવડ ઉપરાંત સ્વચ્છ બાથરૂમ-ટોયલેટ્સની વ્યવસ્થા ફરજિયાત વિના મૂલ્યે પુરી પાડવાની હોય છે. આ સુવિધા અંગે યોગ્ય વ્યવસ્થા સાથે ગ્રાહકોને સ્પષ્ટ રીતે દેખાય તેવા સાઈન બોર્ડસ પણ લગાડવા ફરજિયાત છે પરંતુ પાટનગરના પેટ્રોલ પંપના સંચાલકો આ નિયમોને જાણે ઘોળીને પી ગયાં છે અને તંત્ર પણ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યું હોવાથી ભ્રષ્ટાચારની આશંકા મજબૂત બની છે.

ગાંધીનગરના મોટાભાગના પેટ્રોલપંપ પર વાહનોમાં હવા પુરવાની સેવા નામ માત્રની છે અને 'મશીન બંધ છે' તેવા બોર્ડ સાથે આ સેવા ક્યારેય ચાલુ કરવામાં આવતી જ નથી. વળી, જે પેટ્રોલપંપ પર આ સેવા ચાલુ છે તે પણ સાંજ સુધીમાં બંધ કરી દેવાય છે. નિયમ મુજબ જ્યાં સુધી પેટ્રોલ-ડીઝલનું વિતરણ ચાલુ હોય ત્યાં સુધી આ સેવા ચાલુ રાખવી પડે પરંતુ પેટ્રોલપંપના સંચાલકો આ નિયમને ઘોળીને પી જાય છે. જેના કારણે સરવાળે વાહનચાલકો રાત્રે પરેશાનીનો ભોગ બને છે. આ પરિસ્થિતિમાં જ્યારે વાહનચાલકો પેટ્રોલપંપના કર્મચારીઓને સુવિધા અંગે પૂછે ત્યારે ઉડાઉ જવાબ આપવામાં આવે છે.

### ટોયલેટ્સ કે પીવાના પાણીની સુવિધાના પણ ઠેકાણા વગરની

શહેરના મોટાભાગના પેટ્રોલપંપ પર સ્વચ્છ બાથરૂમ-ટોયલેટની સુવિધાના નામે મીંડુ જોવા મળે છે. કેટલાક પેટ્રોલપંપ પર તો આ સેવા છે જ નહી તો કેટલાંકમાં એટલી બદતર હાલતમાં વળી પેટ્રોલ પંપની ઓફિસના પાછળના ભાગે ખૂબ શોધવી પડે તે રીતે હોય છે. વળી, તેના માટે રસ્તો દેખાડતા સાઈન બોર્ડસ પણ લગાડેલા હોતા નથી. પીવાના પાણીની સુવિધા પણ અસ્વચ્છ અને રોગચાળાને નિમંત્રણ આપે તેવી હોય છે.

# ગેઝિયાએ બનાવેલા ૨૮ રીચાર્જવેલનું મેન્ટનેન્સ મનપા ઉઠાવશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ગેઝિયા દ્વારા વર્ષ ૨૦૦૮માં બનાવાયેલા ૨૮ રીચાર્જવેલને મરામત કરવા અંગે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર એસ.એલ. અમરાલી, નાયબ મ્યુ. કમિશનર જે.બી. બારૈયા ઉપરાંત વોર્ડ નં.૧ના નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા.



ગેઝિયાની બેઠકમાં રીચાર્જવેલની ટેકનિકલ સફાઈની સમયાંતરે જરૂરિયાત રહેતી હોવાની વાત પર ભાર મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ રીચાર્જવેલની સફાઈની કામગીરી નિહાળી હતી. ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારોએ આ સફાઈ કામગીરીના ખર્ચમાં નાણાંકીય સહાય કોર્પોરેશન દ્વારા પુરી પાડવાની બાંહેધરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગેઝિયા દ્વારા બનાવાયેલ રીચાર્જવેલને કારણે ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવ્યા છે જે અત્યારના રાજય સરકારના જળસંચય અભિયાનને વેગ આપી શકે છે.

# ગાંધીનગર એસ.ટી. ડેપો પાર્કિંગ સ્ટેન્ડના સંચાલકોની જીએસટીના નામે ઉઘાડી લૂંટ

## પાર્કિંગ સંચાલકો હેલ્મેટ સાચવવાનો ચાર્જ રૂ. ૫ વસૂલે છે પણ તેની પાવતી આપતા નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડમાં સ્થિત જય ખોડિયાર પાર્કિંગ સ્ટેન્ડના સંચાલકો પાર્કિંગના નામે વાહન પાર્ક કરવા આવતા વાહનચાલકો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવતા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. પાર્કિંગના સંચાલકો ૧૦ રૂ. પાર્કિંગ ચાર્જની સાથે રૂ. ૨ જીએસટી ઉમેરી મેન્યુઅલ પાવતી આપે છે જેમાં જીએસટીનો કોઈ ઉલ્લેખ કરવામાં જ આવતો નથી પરંતુ વાહનચાલકોને જીએસટી કહી રૂ. ૨ વધુ વસુલવામાં આવે છે તથા પાવતી વગર હેલ્મેટ મુકવાના રૂ. ૫ લેવામાં આવે છે તેથી વાહન પાર્ક કરવા આવતા ચાલકોમાં રોષની લાગણી ફેલાઈ છે. પાર્કિંગ સંચાલક સામે કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં સ્થિત મુખ્ય બસમથકમાં છેલ્લા ઘણા સમયથી જય ખોડિયાર પાર્કિંગ




સ્ટેન્ડ કાર્યરત છે. જ્યાં દરરોજ સંખ્યાબંધ અપડાઉન કરતા મુસાફરો પોતાના વાહન પાર્કિંગમાં પાર્ક કરીને જાય છે. પાર્કિંગ સંચાલકો દ્વારા થોડા સમય અગાઉ એક ટુ-વ્હીલર વાહન પાર્ક કરવા માટે વાહનચાલકો પાસેથી રૂ. ૧૦ ચાર્જ વસુલ કરવામાં આવતો હતો પરંતુ અચાનક જ થોડા દિવસો અગાઉ પાર્કિંગ સંચાલકોએ રૂ. ૧૦ની જગ્યાએ રૂ. ૧૨ની રકમ વાળી નવી પાવતી છપાવી વાહનપાર્ક કરવા આવતા વાહનચાલકોને પકડાવી રહ્યા છે. જ્યારે વાહનચાલકોએ આ અંગેની પુછપરછ કરતા રૂ. ૨ જીએસટી પેટે વસુલવામાં આવી રહ્યા હોવાનું સંચાલકો કહી રહ્યા છે. જ્યારે આ રૂ. ૧૨ની પાવતીમાં જીએસટી ચાર્જનો કોઈજ ઉલ્લેખ દર્શાવવામાં આવતો નથી તેમ છતાં જીએસટીનું ગાણુ સંચાલકો ગાઈ રહ્યાં છે.

આ ઉપરાંત પાર્કિંગમાં હેલ્મેટ મુકવા માટે પણ સંચાલકો પાવતી આપ્યા વગર જ રૂ. ૫ વાહનચાલકો પાસેથી બિંદાસ લઈ ઉઘાડી લૂંટ ચલાવી રહ્યાં છે. જ્યારે પાવતીમાં દર્શાવ્યા મુજબ ૧૨ કલાક સુધી આ કૂપન માન્ય ગણાશે. બાર કલાકથી વધુ સમય માટે વધારાનો રૂ. ૧૦ ચાર્જ લેવામાં આવશે તેવુ દર્શાવ્યુ છે અને ૧૨ કલાક બાદ ૧૦ રૂ. ચાર્જ વસુલવામાં આવે છે તેની કોઈ પાવતી પણ આપવામાં આવતી નથી. આમ પાર્કિંગ સંચાલકો સામે વાહનચાલકો રોષે ભરાયા છે અને આ પાર્કિંગ સંચાલકો સામે કાર્યવાહી કરવા માંગ કરી રહ્યા છે.

# શહેરના એસ.ટી.ડેપો સામે જલ સેવાનો પ્રારંભ

## ભાજપના યુવા મોરચાના અધ્યક્ષ ડો. રૂત્વીજ પટેલ દ્વારા ઉદ્દઘાટન

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં જયારે ગરમીનો પારો દિન પ્રતિદિન ઉપર ચઢી રહ્યો છે. ત્યારે શહેરીજનોને આ ગરમીમાં રાહત આપી શકે તેવા ઉમદા હેતુંથી જલ સેવા કેમ્પનું આયોજન નવનિર્માણ સેના દ્વારા કરવામાં આવ્યું છે.

રાજય સરકાર તરફથી ચાલતી સુજલામ સુફલામ યોજનાથી પ્રોત્સાહિત થઈ આજથી નવનિર્માણ સેના ગાંધીનગર દ્વારા આ જલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ જલ સેવાનો શુભારંભ તા.૧૬ મે ને બુધવારના રોજ બપોરે ૧ કલાકે પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ડો.રૂત્વીજ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની વિશિષ્ટતા જળ એ જ જીવન છે, એવા સ્લોગનથી પાણીની બચત અને પાણીના વેડફાટને લગતા તેમજ પાણીની અગત્યતા જન-માણસ પર સ્લોગન રૂપે કંડારી આ કેમ્પના મંડપમાં લાગેલા વિવિધ બેનર્સ અને ફોટોગ્રાફ આ પ્રવૃતિને ઉજાગર કરશે. જલ સેવાના ઉદ્દઘાટન પ્રસંગે નવનિર્માણ સેનાના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેર નિવિદા નં. એ/બી/ટીસી/૦૧ સને ૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર (ફોન નં. (૦૭૯) ૨૩૨૨૩૩૦૭, ફેક્સ નંબર (૦૭૯) ૨૩૨૨૩૨૪૩ દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

**(૧) કામનું નામ :** 'ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે સેફટી ગ્રીલ, સ્ટાફ ક્વૉર્ટરમાં વૉટર પ્રુફીંગ તથા અન્ય પરચુરણ કામ' (ટેન્ડર આઈ.ડી. - ૩૧૦૧૦૨)

**(૨) અંદાજીત કિંમત :** રૂ. ૭૩૪૭૧૭.૯૧

**(૩) ટેન્ડર માટેની પાત્રતા :** 'ઈ-૨' અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવ ધરાવતી એજન્સી અથવા મા. અને મ. વિભાગના સુધારેલ પરિપત્ર નં. - આર.જી.એન.-૬૦૮૯-૮-ભાગ-૧-સી તા. ૬/૮/૨૦૧૧ મુજબ પાત્રતા ધરાવતી એજન્સી અને ટેન્ડર ડૉક્યુમેન્ટમાં અનુભવ બાબતે કરેલ જોગવાઈને અનુરૂપ

**(૪) ટેન્ડર ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ :** ૩૦/૫/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી www.nprocure.com ઉપરથી આ ટેન્ડર નોટીસનિ વિગતવાર માહિતી જોઈ શકશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડની અબાધિત રહેશે.

**માહિતી/૪૧૦/૧૮-૧૯**

# જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવૉકેટશ્રી જગદીશચંદ્ર જે. સોલંકી તે અમારા અસીલો ભરતકુમાર લાલશંકર ત્રિવેદી તથા સુનીતાબેન ભરતકુમાર ત્રિવેદી બંને રહે ૭૪/૨, છ-ટાઈપ, સેક્ટર-૧૭, ગાંધીનગરની સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

જીગર ભરતભાઈ ત્રિવેદી તથા જુહી સુરેશભાઈ શર્મા રહે. મહેદાવ મંદિર પાસે, ગામ-વજાપર, તા. તલોદ, જી. સાબરકાંઠાવાળા છે. જે અમારા અસીલોના પુત્ર અને પુત્રવધુ છે. અમારા અસીલોના પુત્રવધુ છેલ્લા બે વર્ષથી અલગ રહે છે. તેમજ તે સ્વચ્છંદી અને સ્વતંત્ર સ્વભાવના છે. અને અમારા અસીલોના કહ્યામાં નથી. તેમજ અમારા અસીલોની તેમના સમાજમાં માનહાનિ થાય અને નીચું જોવાનો વારો આવે તેવું વર્તન અને વ્યવહાર કરે છે. તેથી અમારા અસીલોએ કંટાળીને તેમના પુત્ર જીગર ભરતભાઈ ત્રિવેદી સાથે તેમજ પુત્રવધુ જુહી સુરેશભાઈ શર્મા સાથેના તમામ પ્રકારના સંબંધ કાપી નાખ્યા છે. તેથી અમારા અસીલોએ પુત્ર અને પુત્રવધુ બંનેની તેમની હરકોઈ સ્થાવર, જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે અને અમારા અસીલોએ તેઓની સાથેના તમામ સામાજિક અને આર્થિક સંબંધ કાપી નાખેલ છે. અને તેથી તેઓ સાથે કોઈપણ વ્યક્તિ, ઈસમે કોઈપણ જાતના નાણાંકીય કે અન્ય કોઈ વ્યવહારો કરવા, કરાવવા નહી અને જો કરવામાં આવશે તો અમારા અસીલોની તેમાં કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૧૬/૫/૨૦૧૮**

**અમારા અસીલોની સુચનાથી**
**અમારી મારફતે**
**સહી/-**
**જગદીશચંદ્ર જે. સોલંકી**
**એડવોકેટ**
**રહે. એમ. ૬/૬૧, સરદાર પટેલ હાઉસીંગ કોલોની, સેક્ટર-૧૪**
**ગાંધીનગર**
**મો. નં. ૯૮૨૫૯ ૨૦૫૦૪**

# સે-૫ સીના બાળકો માટે ટેલેન્ટ શોનું આયોજન

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી શિવશકિત સોસાયટીના બાળકો માટે ટેલેન્ટ શો નું આયોજન આગામી તા.૨૦ મે રવિવારના રોજ સાંજે ૬ કલાકે કરવામાં આવ્યું છે. આ ટેલેન્ટ શો માં ભાગ લેવા ઈચ્છુક બાળકોએ વી.કે.રાવલ, મનોજ જોશી, રઘુવીર પ્રજાપતિ અને આશિષ દરજી પાસેથી ફોર્મ મેળવીને તા. ૧૮ મે સુધીમાં જમા કરાવવાના રહેશે. તેમ શિવશકિત સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

# કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા યાત્રિકોનો શુભેચ્છા સમારોહ યોજાશે

કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા યાત્રિકોનો શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત કૈલાસ માનસરોવરની યાત્રામાં જતા તેમજ ખાનગી રાહે કૈલાસ માન સરોવરની યાત્રામાં જતા યાત્રિકોને ખાસ અનુરોધ કરવામાં આવે છે, કે તેઓ કૈલાસ માનસરોવર સમિતિ ગાંધીનગરને તા.૨૫ મે સુધીમાં પોતાના નામ અને મોબાઈલ નંબર કિષ્નકુમારરાણાને મો.૯૪૨૭૪ ૧૯૦૧૨ પર જાણ કરવામાં આવે જેથી આયોજનમાં સરળતા રહે.

ગ્રામ સ્વરાજ અભિયાન


અંતર્ગત

આજીવિકા દિવસની રાજ્યવ્યાપી ઉજવણી







૬૭૮૮ મહિલા સ્વસહાય જૂથોને રૂા.૧૫૬૮.૯૬ લાખના લાભોનું વિતરણ
૨૯૬૦ લાભાર્થીઓને તાલીમ પ્રમાણપત્રો એનાયત
૩૩ જિલ્લાઓના ૨૪૭ તાલુકાઓના મહાનુભાવોના હસ્તે રીવોલ્વીંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, કેશ ક્રેડિટના લાભ તથા પ્રમાણપત્રો વિતરણ કરાયા
બેસ્ટ પ્રેક્ટીસીસ કરતા સ્વસહાય જૂથોને સન્માનિત કરાયા
૭૮૧ તાલીમાર્થીઓને જોબઓફર લેટર એનાયત કરાયા

મહિલા સશક્તિકરણ માટેનાં નક્કર પગલાં ભરવા બદલ
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત